



ઉનાળાનુ આગમન થયુ છે તે સાથે જ ઠંડી ગાયબ થઈ રહી છે. ઠંડીની મોસમમાં ગરમા ગરમ લીલા ચણાનો સ્વાદ માણ્યો... સાથે જ ક્યારેક વાડીએ ઉગતા બોરનો ખટ્ટમીઠ્ઠો સ્વાદ પણ દાઢે વળગ્યો... લીલા ચણાને સૌરાષ્ટ્રમાં ઝિંઝરા અને દક્ષિણ ગુજરાતમાં ઓળો કહે છે. આ ઝિંઝરા-ઓળા હવે સુકાઈને ચણા બની જશે અને આખુ વર્ષ ભોજનમાં કામ લાગશે. ગ્રામ્ય વિસ્તારોમાં જાઓ તો હાલ ઠેર ઠેર લીલા ચણા અને બોરની સૂકવણી થતી જોવા મળશે. લાંબો સમય ઉપયોગમાં લઈ શકાય તે માટે તેમાંથી ભેજ દૂર કરવા સુકવણી જરૂરી છે. આવી રીતે સૂકવણી કરેલા ખાદ્ય પદાર્થો લાંબા સમય સુધી બગડતા નથી.

# ટાઉનહોલ તૈયાર થતા હજુ બે મહિનાનો સમય લાગશે

## નગરની કલા સંસ્થાઓ અને કલાકારોમાં નિરસતા કામગીરીમાં ઝડપ આવે તેવી પ્રબળ માંગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે ટાઉન હોલના રીનોવેશનનું કામ પણ મંદ ગતિએ ચાલી રહ્યું છે અંદાજિત રૂપિયા ૧૭ કરોડના ખર્ચે હોલના રીનોવેશન નું કામ હાથ ધરાયું છે ટાઉન હોલ બંધ હોવાથી સાંસ્કૃતિક સંસ્થાઓ અને કલાકારો પણ મૂંઝવણમાં છે આવા સંજોગોમાં ટાઉનહોલનું કામ પૂર્ણ થતા હજુ પણ બે મહિનાનો સમય લાગશે

ગાંધીનગરનો ટાઉનહોલ લાંબા સમયથી મરણ પથારીએ હતો સાંકડી બેઠક વ્યવસ્થા તૂટી ગયેલું સ્ટેજ અને બંધ એસી સહિતની દુવિધા થી કાર્યક્રમના આયોજકો અને કલાકારો પણ ત્રાહિમામ હતા જેને અનુલક્ષીને ટાઉનહોલને નવા રૂપરંગ આપવા કાર્ય યોજના તૈયાર કરવામાં આવી હતી હાલ ટાઉનહોલનું રીનોવેશન ચાલી રહ્યું છે પરંતુ આ કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતી હોવાથી કલાકારોને હજુ બે મહિના સુધી ટાઉનહોલ નસીબ થવાનો નથી જુના ટાઉનહોલમાં જે ૧૧૦૦ વ્યક્તિ માટે બેઠક વ્યવસ્થા હતી તેમાંથી ૧૫૦ જેટલી સીટ ઓછી થઈ જશે. અત્યંત મહત્વની અન્ય બાબતોમાં સાઉન્ડ સિસ્ટમ, ચિલર પ્લાન્ટ તથા ઈલેક્ટ્રીકલ વર્કનો સમાવેશ થાય છે. કુલ બજેટમાંથી ૧૦ કરોડ ઉપરાંતનો ખર્ચ તેના માટે કરવામાં આવનાર છે. હાલમાં ઈલેક્ટ્રીફિકેશન ચાલી રહ્યું છે.બે દાયકા દરમિયાન પાટનગરમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ વધી છે ગાંધીનગરમાં વધતી વિવિધ સાંસ્કૃતિક વૃત્તિ પ્રવૃત્તિઓના લીધે કલા રસિકો અને કલાકારોની સંખ્યા પણ વિશેષ છે આ સ્થિતિ વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી એકમાત્ર ટાઉનહોલની સુવિધા પણ છિનવાઈ ગઈ છે. પાટનગરની સ્થાપનાના બે દાયકા બાદ સેક્ટર ૧૭માં ટાઉન હોલ બંધાયો હતો. પરંતુ વર્ષો વિતવા સાથે જર્જરિત બનેલા ટાઉનહોલને આખરે સલામતિના કારણોથી બંધ કરાયો હતો અને મોટા ખર્ચની રિનોવેશનની યોજના હાથ ધરાઈ હતી. જો કે કોરોનાના કપરા સમયમાં ટાઉનહોલના રિનોવેશન નો પ્રોજેક્ટ હાથ ધરી શકાયો ન હતો. જેને લીધે ટાઉનહોલના રિનોવેશનનું કામ પણ વિલંબમાં પડ્યું હતું ટાઉનહોલમાં કલાકારો માટે ગ્રીન રૂમ લીસ્ટ તેમજ આરામદાયક બેઠક વ્યવસ્થા ઉપરાંત અધ્યતન સાઉન્ડ સિસ્ટમ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૬ અને સે-૧૧ના કોર્મશિયલ ઝોનમાં વિકરાળ બનતી જતી પાર્કીંગની સમસ્યા

## અગાઉ પાર્કીંગની ડિઝાઇનમાં ફેરફાર પણ કરાયો હતો પરંતુ વધતા દબાણો વચ્ચે વાહન પાર્કીંગ માટે પુરતી જગ્યા મળતી નથી : આ બન્ને જગ્યાએ સ્માર્ટ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ પણ પ્રબળ બની

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેની પાછળ તોતિંગ ખર્ચ પણ કરવામાં આવે છે. પરંતુ સ્થાનિકોને રોજિંદા જાહેર જીવનમાં નડતરરૂપ બનતી સમસ્યાઓ હજુ દાયકાઓના અંતે પણ યથાવત છે. શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકનો સિનારિયો પણ બદલાયો છે. આવા સંજોગોમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે નગરના સેકટરોમાં રોજબરોજ વાહનોનો આડેધડ ખડકલો થાય છે. સે-૧૬ અને સે-૧૧ માં સાંકડા સર્વિસ માર્ગ આસપાસ પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. પાર્કીંગની ડિઝાઈનમાં પણ અગાઉ ફેરફાર કરવામાં આવ્યો હતો પરંતુ દબાણો યથાવત રહેતા હજુ આ સમસ્યા યથાવત છે. ત્યારે માર્ગોની નિભાવણી પણ હવે કોર્પોરેશન હસ્તક છે ત્યારે આ વિસ્તારમાં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવા માટે પણ ત્વરિત આયોજન થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે નવતર કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં પાણી ગટર , રસ્તા સહીતની માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે પરંતુ પાર્કીંગની સમસ્યા પણ હજુ ગંદકી અને રખડતા ઢોર જેવી હાલતમાં જ છે વર્ષોના અંતે શહેરમાં પહોળા માર્ગો , નવા બિલ્ડીંગો, કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો અને કચેરીઓ કાર્યરત થઈ છે. પરંતુ અદ્યતન સુવિધાઓની ભરમાર વચ્ચે શહેરની મુળ સમસ્યાઓ યથાવત સ્થિતિમાં છે. શહેરના કોર્મશિયલ ઝોનમાં પણ અનેક દુવિધાઓ સ્થાનિકોને રોજબરોજ જાહેર જીવનમા અકળાવી રહી છે. શહેરને સ્માર્ટ બનાવવા માટે માસ્ટર પ્લાન મુજબ એક બાદ એક કામ હાથ ધરવામાં આવી રહ્યા છે. સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી પાણીની લાઇન નાંખવામાં આવી રહી છે. બીજીતરફ જુની ગટર લાઇન પણ બદલવા માટે કામ ચાલી રહ્યુ છે. સેકટરોના એપ્રોચ સહીતના માર્ગોનુ વાઇડનીંગનુ કામ હાથ ધરાયુ છે. ગાંધીનગરમાં મેટ્રો રેલનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. આ સ્થિતિ વચ્ચે સ્માર્ટ સીટી તરીકે ઉભરતા શહેરમાં વર્ષો જુની સમસ્યા હવે વધુ જટીલ બની છે. જેમાં પાર્કીંગનો પ્રશ્ન વિકરાળ સ્વરૂપે ઉભરી રહ્યો છે. શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે જો કે સરકારી કચેરીઓ પાસે પણ આડેધડ પાર્કીંગનો ખડકલો જોવા મળી રહ્યો છે. ત્યારે નગરમાં કોર્મશિયલ વિસ્તારમાં પણ રોજબરોજ મનફાવે તેમ વાહનો ખડકી દેવાય છે. જો કે આ સ્થિતિ માટે વાહનચાલકો પણ લાચાર છે. શહેરના કોર્મશિયલ કોમ્પ્લેક્ષો પાસે પાર્કીંગને લગતી કોઈ સુવિધા જ નથી જેમાં સે-૧૬ અને સે-૧૧ માં પાર્કીંગની સમસ્યા અત્યંત વિકરાળ સ્વરૂપે જોવા મળે છે. પાર્કીંગ પ્લેસ પર એક તો જગ્યાનો અભાવ છે એમાંય દબાણોનો અડ્ડીંગો યથાવત છે. પાર્કીંગ પ્લેસ પર વધતા દબાણો વચ્ચે વાહનો પાર્ક કરવા માટે પુરતી જગ્યા રહેતી નથી અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા બાદ પાર્કીંગની જટીલ સમસ્યાને ડામવા માટે શરૂઆતમાં પોલીસ પહેરો પણ ગોઠવવામાં આવ્યો હતો જયારે સમય જતા પાર્કીંગની ડિઝાઇન પણ બદલવામાં આવી હતી. જો કે પાર્કીંગના નિર્માણ પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યા બાદ નડતરરૂપ દબાણો સહીતના અન્ય આડશરૂપ બનતા પરિબળોના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# ગિજુભાઈ બધેકા ચેર ઉભી કરવા કેન્દ્ર સરકાર ચિલ્ડ્રન યુનિ.ને ૧ કરોડ આપશે

ગાંધીનગર, તા. ૧૬

મોન્ટેસરી શિક્ષણના પ્રણેતા અને બાળકોની મૂછાળી મા તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકાની સ્મૃતિમાં ભારત સરકાર આગામી પાંચ વર્ષ માટે ચિલ્ડ્રન યુનિ.માં એક ચેર સ્થાપવા માટે રૂ. ૧ કરોડની ગ્રાન્ટ આપશે.

ભારત સરકારે ગાંધીનગરમાં ચાલતી આ યુનિ.ની પ્રવૃત્તિ અને અભિગમો તેમજ ઉદ્દેશ્યોને ધ્યાને લઈ આ ગ્રાન્ટ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

નોલેજ સીટી તરીકે ઓળખ પામેલ ગાંધીનગરની આ શૈક્ષણિક સંસ્થાને ભારત સરકારે ગ્રાન્ટ આપવાના કરેલા નિર્ણયથી યુનિ. સંકુલમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે યુનિ.એ પણ આગામી પાંચ વર્ષ દરમ્યાન બાળ કલ્યાણ અને બાળ શિક્ષણ ક્ષેત્રે આ ગ્રાન્ટનો ઉપયોગ કરવાનો નિર્ણય કરી તે અંગેનો રોડમેપ તૈયાર કરવાની કવાયાત હાથ ધરી છે. ગિજુભાઈ બધેકાનું શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન તેમજ બાળ સાહિત્યમાં તેમનુ પ્રદાન આજેય અવિસ્મરણીય રહ્યુ છે.

# ઈમ્પેક્ટ ફી અંતર્ગત મનપાને ૧૭૦૦ અરજીઓ મળી

## મુદત વધારવાનો સરકાર દ્વારા કોઈ નિર્ણય હજુ લેવાયો નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકામાં ઈમ્પેક્ટ ફી ને લઈ આજે અંતિમ દિવસ સુધીમાં ૧૭૦૦ જેટલી અરજીઓ નોંધાઈ છે. ઈમ્પેક્ટ ફી ના કાયદાની મુદત વધારવા માટે રજુઆતો કરાઈ છે પણ સરકાર દ્વારા હજુ આ અંગે નિર્ણય લેવામાં આવ્યો નથી.

અન અધિકૃત વિકાસને નિયમિત કરવા માટે સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી નો નિયમ અમલમાં મુકાયો છે. ૧૭ ઓક્ટો.ના રોજ આ નિયમ અમલી કરવામાં આવ્યો હતો. માર્જિન, બિલ્ટઅપ એરિયા કરતાં વધુ બાંધકામ, મકાનની ઉંચાઈ, વપરાશ ફેર સહિતની બાબતોને લગતા અનઅધિકૃત બાંધકામને ઈમ્પેક્ટ ફી ભરી નિયમિત કરાવવાની તક સરકારે લોકોને આપી હતી.

અગાઉ આ માટે ઓનલાઈન અરજીનો વિકલ્પ હતો પરંતુ પોર્ટલનુ સર્વર ધીમુ હોવાની ફરિયાદો પછી છેલ્લા પંદરેક દિવસથી આ અંગે ઓફલાઈન અરજીઓ પણ સ્વીકારવામાં આવતી હતી. મળેલ અરજીઓમાંથી ૨૮ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ઘણી બધી અરજીઓમાં ક્વેરી આપવામાં આવી છે તો કેટલીક અરજીઓમાં પૂર્તતાઓ માંગવામાં આવી છે. કેટલીક અરજીઓ પર સાઈટ વિઝીટ પણ કરી લેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. શહેરના સેક્ટરોમાંથી આ અંગેની અરજીઓ વધુ મળી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# આદરજ મોટી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે અધિક મુખ્ય સચિવ પહોંચ્યા



ગાંધીનગર, તા. ૧૬

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ તેમજ અધિક નિયામક નિલમ પટેલે આજે ગાંધીનગર તાલુકાના આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી.

તેમણે તેમની આ મુલાકાત દરમ્યાન પ્રા.આ. કેન્દ્ર ખાતે પી.એમ.જે.વાય. અંતર્ગત આયુષ્યમાન કાર્ડ કાઢવાની પ્રક્રિયા ચકાસી હતી એટલુ જ નહિ આ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. તેમણે તેમની આજની મુલાકાત દરમ્યાન પ્રા.આ. કેન્દ્ર ખાતે નિભાવવામાં આવતા દવાઓના રજીસ્ટરોની એન્ટ્રી પણ ઓનલાઈન થવી જોઈએ જેથી આપણે ડીજીટલ યુગ મુજબની સેવાઓની માહિતી સરળતાથી મેળવી શકીએ. તેમણે પી.એમ.જે.વાય. અંતર્ગત લાભાર્થીઓને નવા કાર્ડ માટે તકલીફો ના પડે તેમજ નવા લાભાર્થીઓને શોધવા માટે પણ જરૂરી ચર્ચા કરી માર્ગદર્શન આપ્યુ હતુ.આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા જોઈ તેઓ પ્રભાવિત થયા હતા. તેમણે આદરજ મોટી-૨ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી તેમજ ત્યાં આપવામાં આવતી સેવાઓની પણ ચકાસણી અને સમીક્ષા કરી હતી.

આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર સરકારે ભાર મુક્યો છે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સઘનીકરણની સાથે ગુણવત્તાસભર સેવાઓ માટે "શ્રેષ્ઠ ગુજરાત" પ્રોજેક્ટ અમલી બનાવ્યો છે જે નોંધનીય છે.

આજે અધિક મુખ્ય સચિવે જિલ્લાના બે કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને સેવાઓ અંગેની વિગતો મેળવી સમીક્ષા કરી હતી.

તેમની આ મુલાકાત સમયે જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વૈષ્ણવ, જિલ્લા પંચાયતના સદસ્ય ભુટ્ટા સરકાર તેમજ તાલુકા આરોગ્ય અધિકારી અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર રાત્રે ઠંડુ, દિવસે ગરમ મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીએ પહોંચ્યુ

## મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૫ ડીગ્રીનો તફાવત : મહાશિવરાત્રી પહેલા જ ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો : દિવસે ઉનાળા જેવી ગરમીનો તિખારો : ઢળતી સાંજ બાદ ગુલાબી ઠંડક : જો કે હજુ પણ ધીમે ધીમે ગરમીનુ જોર વધવાની સંભાવના

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસો વિદાય લેવામાં છે જો કે મહાશિવરાત્રી બાદ ઠંડી ધીમે ધીમે અદ્રશ્ય થઈ જાય તેમ માનવામાં આવે છે. પરંતુ હાલ શહેરમાં ઠંડી ગરમીની બન્ને સિઝન નિખરી છે. ગરમીનો પારો આજે ૩૮ ડીગ્રી નજીક પહોંચી ગયો હતો જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી જયારે રાત્રિના સમયે વાતાવરણમાં ઠંડીની અસર પણ વર્તાય છે. ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ રહેતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો મોસમના આ વિચિત્ર મિજાજની અસરથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે. જયારે હજુ પણ ધીમે ધીમે ગરમીનુ જોર વધશે ત્યારે આ વર્ષેની ગરમી વધુ વિકરાળ રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં વળતા શિયાળે મોસમનો વિચિત્ર મિજાજ નગરજનો અનુભવી રહ્યા છે. એકબાજુ સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીના ચમકારો અનુભવતા શહેરીજનો દિવસે તીખા તાપથી અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાનનો પારો સતત ઉંચે ચઢી રહ્યો છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં અંદાજિત ત્રણ ઘણો તફાવત જોવા મળી રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડીગ્રી રહ્ય હતુ જયારે દિવસે મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રીએ પહોચી જતા આકરા ઉનાળા જેવી ગરમી નગરજનોએ અનુભવી હતી. ઠંડી ગરમીની આ મોસમની અસરથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. છેલ્લા બે દિવસમાં લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ગગડયુ છે. અલબત્ત ઠંડીમાં પણ નહીંવત વધારો થયો છે. જયારે બીજીતરફ ગરમીનો પારો ૪ ડીગ્રી ઉપર આવ્યો છે. આજે તો મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નજીક આવી ગયુ હતુ સવારે થોડીવાર ઠંડીનો અહેસાસ કર્યો હતો જયારે બપોર થતા જ નગરજનોએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. ઓફિસ અને ઘરોમાં પંખા અને એ સી ધમધમતા જોવા મળ્યા હતા. હવામાન તજજ્ઞોના મતે આમ પણ ફેબ્રુઆરી મહીનાના અંતિમ દિવસોમાં ગરમીનુ જોર વધી જશે જયારે અત્યાર થી જ ગરમીનો પારો ઉગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટરે દહેગામના જલુન્દ્રા મોટા ગામે પંચાયતમાં દફતરની ચકાસણી કરી

## ચકાસણી દરમિયાન વહીવટી ક્ષતિઓ જણાઈ આવતા તે સુધારવા અપાઈ સૂચના : કલેક્ટરની મુલાકાત દરમિયાન દહેગામ મામલતદાર પણ હાજર રહ્યા

દહેગામ, બુધવાર

ગાંધીનગર જિલ્લા કલેકટર આજે દહેગામ તાલુકાના જલુન્દ્રા મોટા ગ્રામ પંચાયત ખાતે આવી પહોંચ્યા હતા. કલેકટર દ્વારા ગ્રામ પંચાયતના દફતરની ચકાસણી કરવામાં આવી. કલેકટર દહેગામ તાલુકાની ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હોવાની વાત સામે આવતો અન્ય ગ્રામ પંચાયતના તલાટીઓ પણ એલર્ટ મોડમાં આવી ગયા હતા. જિલ્લા કલેકટરની આ મુલાકાત દરમિયાન તેમની સાથે દહેગામ મામલતદાર પણ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે આ મુલાકાત દરમિયાન ગ્રામજનોના વિવિધ પ્રશ્નો પણ સાંભળ્યા હતા અને તેનું નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. આ અંગે મળતી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે. આજે દહેગામ તાલુકાના જલુન્દ્રા મોટા ગ્રામ પંચાયતની મુલાકાતે આવ્યા હતા. કલેકટર દ્વારા ગ્રામ પંચાયતના દફતરની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવી હતી આ ચકાસણી દરમિયાન કચેરીના રજીસ્ટરો યોગ્ય રીતે મેન્ટેન કરવામાં ન આવતા હોવાનું સામે આવ્યું હતું. આ બાબતને લઈ જિલ્લા કલેકટર દ્વારા જવાબદાર અધિકારી અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તો આ પ્રસંગે કલેકટર દ્વારા ગ્રામજનોના પ્રશ્નો પણ સાંભળવામાં આવ્યા હતા અને તેના નિરાકરણ માટે ઉપસ્થિત અધિકારી અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# પરીક્ષાના મટીરીયલ્સનો પંચાયત દ્વારા નિકાલ કરાયો

## પલ્પ બનાવવા આપેલ કતરણમાંથી રૂ. ૩૦ હજારથી વધુની આવક થઈ

ગાંધીનગર, તા. ૧૬

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિ. ક્લાર્કની પરીક્ષા રદ કરવાના નિર્ણય પછી પરીક્ષાના મટીરીયલ્સનો નિકાલ કરવાના અપાયેલા આદેશોને પગલે આજે જિલ્લા પંચાયત ખાતે આ મટીરીયલ્સનો નિકાલ કરવામાં આવ્યો છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી કૃપાલી મિસ્ત્રીએ જણાવ્યુ હતુ કે આ મટીરીયલ્સનું સરકારી પ્રેસમાં ઝીણા ટુકડા કરી અને કલોલની એક મિલમાં પલ્પ બનાવવા માટે આપી દેવામાં આવેલ છે. આ નિકાલ કરાયેલા મટીરીયલ્સનું વજન ૧૩૯૫ કિલો જેટલુ થયુ હતુ.

પલ્પ બનાવવા માટે આપેલ આ કતરણમાંથી રૂ. ૩૦,૬૦૦ની આવક થઈ છે. જે પંચાયત સેવા પસંદગી મંડળના ખાતામાં જમા થઈ છે.

હવે પસંદગી મંડળ તરફથી મળેલ સૂચના મુજબ પરીક્ષા કેન્દ્રોની ચકાસણી સહિતની તૈયારીઓ નવેસરથી આરંભી દેવામાં આવી છે. આ અંગેનો અહેવાલ પણ અમે એકાદ દિવસમાં મોકલી આપીશુ. હાલ સ્ટ્રોંગરૂમ જે ઉભો કરાયો હતો તે ખાલી થયો છે અને પુનઃ તેની સફાઈ સાથે તૈયાર કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com